Department of Education and Early Childhood Development

Literacy tips to help your child
Before School - Year 2
Gujarati

# તમારાં બાળકને સાક્ષરતા કેળવવા માટેની મદદ રૂપ યુક્તિઓ

શાળાએ જતાં પહેલાઁ- વર્ષ ૨

## પ્રત્યેક બાળક, પ્રત્યેક તક









બાળકના વિકાસમાં પરિવારજનોનો પ્રથમ અને મુખ્ય પ્રભાવ હોય છે અને તે બાળકની કેળવણીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તમે ઘણી રીતે પારિવારીક દૈનિક પ્રવૃત્તિઓ અને રમત દ્વારા બાળકના બોલવા, સાંભળવા, વાંચવા અને લખવાના કૌશલ્યને વિક્સાવી શકો છો અને સહકાર આપી શકો છો.

આ પત્રિકા એવી ઘણી યુક્તિઓ દર્શાવે છે કે જે તમે અથવા પરિવારના બીજા સભ્યો, તમારાં બાળકની સાક્ષરતા કૌશલ્યોને વિકસાવવા માટે દૈનિક પ્રવૃત્તિઓ દરમ્યાન તેમની સાથે કરી શકે છે.

બાળકને એમની માતૃભાષામાં અને જો તમને આત્મવિશ્વાસ હોય તો અંગ્રેજીમાં, આવી પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ કરવું ખૂબ લાભદાયક થઈ શકે છે.

આ પત્રિકાનું ઇલેક્ટ્રોનિક વૃત્તાંત અંગ્રેજી અને ૨૩ વિવિધ ભાષાઓમાં લર્નીંગ વેબસાઇટ પર ફેમિલિઝ એઝ પાર્ટનર માંથી મળી શકે છે : **www.education.vic.gov.au/about/directions/familiesaspartners/schools/connecting.htm**

## હું મદદ ક્યાંથી મેળવી શકું ?

### તમારાં બાળકના શિક્ષક

તમારાં બાળકના સાક્ષરતા કૌશલ્યોને કેવી રીતે વિકસાવવા તેના વિષે તમારાં બાળકના શિક્ષક તમને માર્ગદર્શન આપી શકે છે. શિક્ષક સાથેની તમારી ચર્ચામાં તમે આવરી શકો એવા વિષયો :

- સાક્ષરતા કાર્યોમાં તમારાં બાળકે મેળવેલું સ્તર.
- તમારું બાળક સાક્ષરતાનું જે લક્ષ્ય સાધવા તરફ કાર્ય કરી રહ્યું છે તે, અને તેમાં તમે તમારાં બાળકને કઇ રીતે મદદરૂપ થઇ શકો છો.
- તમારાં બાળકને જે ક્ષેત્રોમાં તકલીફ પડતી હોય તેમાં તમે મદદ કરી શકો તેવી યોજનાઓ.

### ઓનલાઇન સાધનો

વિકટોરીયન સરકારની નવી *કનેક્ટ-પ્રાઇમરી* વેબસાઈટ પર, તમારા ઘરના કોમ્પ્યુટર, સ્થાનિક ગ્રંથાલયના કોમ્પ્યુટર અથવા તમારી શાળા દ્વારા સરળતાથી વિશાળ જ્ઞાનના સાધનો સાથે જોડાઇ શકો છો.

*કનેક્ટ-પ્રાઇમરી* વેબસાઇટની મુલાકાત : **http://www.education.vic.gov.au/primary** *પર લો.*

બાળકો દ્વારા ઉપયોગ માટે યોગ્યતા નક્કી કરવા *કનેક્ટ-પ્રાઇમરી* પર આવેલી સાઈટસ શિક્ષકો દ્વારા ચકાસવામાં આવી છે.

યાદરાખો, જો તમે કનેક્ટ-પ્રાઇમરી ની યાદીમાં સમાવિષ્ટ ન કરવામાં આવી હોય એવી વેબસાઈટની મુલાકાત લો કે જેને તમે ઓનલાઇન ન ઓળખતા હોવ તો, સલામતી ખાતર, તમારી અંગત માહિતી જેવી કે તમારું કે તમારા બાળકનું આખું નામ, શાળા, ફોન નંબર કે સરનામું ક્યારેય ન આપશો.

*અલ્ટ્રાનેટ* નવી ઓનલાઇન વ્યવસ્થા છે જે તમને તમારાં બાળકના શાળાકીય અભ્યાસની માહિતી આપે છે. આ રાજ્ય સ્તરે સલામત સાઇટ છે કે, જેનો વિદ્યાર્થીઓ, માતા-પિતાઓ અને શિક્ષકો ઇનટરનેટ દ્વારા સંપર્ક કરી શકે છે. *અલ્ટ્રાનેટ* વેબસાઇટની મુલાકાત : **www.education.vic.gov.au/about/directions/ultranet/benefits/parents.htm** *પર લો.*

# તમારા બાળકને વાંચવા, લખવા, બોલવા અને સાંભળવામાં મદદ માટે

## ઘરમાં કૌટુંબિક જોડાણો માટે રોજીંદી પ્રવૃત્તિઓનો ઉપયોગ



- ગીતો અને જોડકણાં ગાઓ અને તમારા બાળકને પણ સંગાથે ગાવા માટે પ્રોત્સાહિત કરો.
- તમારા બાળકને સાંભળો અને એમના વિચારો પર પ્રશ્નો સાથે પ્રતિક્રિયા આપો અને વધારે માહિતી મેળવો.
- તમારી આસપાસ દેખાતા બધા જ અક્ષરો અને શબ્દો બતાવો અને તેમના વિષે વાતો કરો. ઉદાહરણ તરીકે, સિરીઅલનું-નાસ્તાનાં ખોખાં, કારની નબંર પ્લેટો, ચિન્હો.
- સાથે રહીને સરળ વાનીઓ બનાવો. વાનગી બનાવવાની રીત વાંચો, તમે શું કરી રહ્યા છો તે વિષે વાતો કરતા રહો.
- રમકડાંના સંગ્રહાલયમાં જોડાવ અને ભેગા મળીને રમકડાંની પસંદગી કરો.
- નકામી ટપાલો જુઓ અને વેચાણ માટે મુકાયેલી વસ્તુઓ વિષે વાતો કરો.
- પરિવારના છબીચિત્રો અને ઇતિહાસની વાતો કરો.

## વાર્તા કહેવી

તમારા બાળકની ભાષા અને સાંભળવાના કૌશલ્યને વિસ્તારવા તથા તેમની કલ્પનાશક્તિ વિકસાવવા માટે વાર્તા કહેવી ખૂબ જ લાભદાયી થઇ શકે છે. તમે વાર્તા કહો અથવા તમારા બાળકને વાર્તા કહેવા પ્રોત્સાહિત કરો.

વાર્તાના વિષયો આ પ્રમાણેના હોય શકે :



- પુસ્તક અથવા ટેલિવીઝન પ્રોગ્રામનું માનીતું પાત્ર.
- પરિવારની બીજી વ્યક્તિ.
- તમારા બાળકને ગમતું રમકડું

વાર્તાની શરૂઆત માટેના કેટલાક સૂચનો

- જુદાજુદા અવાજો, કઠપૂતળીઓ, વાર્તાના વિષયને લગતા સાઘનો અથવા આંગળીઓના હલન-ચલન મારફતે તેને ઉત્તેજક બનાવો.
- તમારા બાળકને જેમા રસ હોય તેનાથી શરૂઆત કરો.
- પાત્ર અને પૃષ્ટભૂમિકા નિર્માણ કરો.

## સંગાથે વાંચન

લખાયેલા શબ્દો સાથે બોલાયેલા શબ્દોને જોડવામાં વાંચન ખૂબ મહત્ત્વનું છે.



તમારા બાળકને વાંચી સંભળાવવુંએ મહામૂલ્ય કાર્ય છે. આ રહ્યા કેટલાક સૂચનો :

- તમારા બાળકને પુસ્તકો, સામાયિકો, ચિજવસ્તુ ઇત્યાદિની યાદિ, ચલચિત્રોવાળી વાર્તાઓ અથવા ડીવીડીઓ પસંદ કરવા પ્રોત્સાહિત કરો.
- પુસ્તકમાં આપેલા ચિત્રોની ચર્ચા કરો અને તમારા બાળકને ચિત્રો વિષે બોલવા પ્રોત્સાહિત કરો.
- કલ્પનાશક્તિ, વિચારો અને શબ્દભંડોળ વિકસાવવા શબ્દો વગરની ચિત્રોની ચોપડીના ચિત્રોના નામ સમજાવો.
- તમારા બાળકને ગમતા પુસ્તકો અને વાર્તાઓ વારંવાર વાંચો.
- તમારા બાળકને ચિત્રો દ્વારા તેમનું પોતાનું પુસ્તક બનાવવા અને પછી તે તમનેઁવાંચીં સંભળાવવામાં મદદ કરો.

તમારું બાળક ત્યારે વાંચતું થશે જ્યારે તે વાર્તાથી પરિચિત હશે અને કેટલુંક વાંચન જાતે કરી શકશે.

જ્યારે તમારું બાળક તમને વાંચીને સંભળાવતું હોય ત્યારે તેને શબ્દ સમજવાનો સમય આપો અને તેણે જે વાંચ્યું તેમાં તેમને સમજણ પડી કે નહિં તે જાણવા પ્રશ્નો પૂછી જૂઓ.




તમે રોજબરોજ જુદા જુદા હેતુસર કઇ રીતે વાંચો છો તે પણ તમારા બાળકને બતાવવું મહત્ત્વનું છે. ઉદાહરણ. વાનગી બનાવવાની રીતો, શુભેચ્છા પત્રો, કૅલેન્ડર, ખરીદી કરવાની વસ્તુઓની યાદી, ખાદ્ય સામગ્રી પર ચોંટાડેલી ચીઠ્ઠી, સૂચનાઓ, નકશા, છાપાઓ, ઇમેઇલ, નિશાની, વેબસાઇટ વગેરે.

પુસ્તક વિષેની વાતચીત વાંચનનો મહત્વનો ભાગ છે. વાંચતા પહેલા, અધવચ્ચે અને વાંચી લીધા પછી પુસ્તક વિષે વાતચીત કરો અને તમારા બાળકને તેના વિચારો જણાવવા માટે પ્રોત્સાહિત કરો અને પુસ્તક વિષે પ્રશ્નો પુછો. તમે પુસ્તક વાંચતા પહેલા, વાંચતી વખતે અને વાંચી લીધા પછી એમ જુદાજુદા સમયે પુછી શકો એવા કેટલાક પ્રશ્નો આ પ્રમાણે છે :

- તને શેના વિષે વાંચવું ગમશે ?
- તને જાણીતું હોય એવું પુસ્તક પસંદ કરવું ગમશે ?
- મુખપૃષ્ટ જો-આ પુસ્તક શેના વિષે હશે તારું શું માનવું છે ?
- આ ચિત્રોમાં શું થઇ રહ્યું છે ?
- તું શું વિચારે છે, હવે આગળ શું થશે ?
- આ પુસ્તકમાં તારી પસંદગીનો ભાગ કયો હતો ?
- આ પુસ્તકમાં તારી પસંદગીનું પાત્ર કયું હતું ? તને એ પાત્ર કેમ પસંદ છે ?
- જો આ વાર્તાનો અંત તું બદલી શકે તેમ હોય તો, તે શું હશે ?

## વાંચવા માટેના સૂચનો



- જોડે બેસીને *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Quiz* લિંક પર ક્લીક કરી ઉખાણા જુઓ અને ઉકેલવા પ્રયતન કરો.
- તમારું બાળક તમને જે કંઇ પણ અનુભવ કહે તે લખીલો અને પછી જોડે રહીને વાંચો.
- તમારા સ્થાનિક ગ્રંથાલય અથવા શાળાના ગ્રંથાલયની મુલાકાત લો અને જોડે રહી પુસ્તકો પસંદ કરો અને વાંચો.
- *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Find out* લિંક પર ક્લીક કરી વિશ્વની વાસ્તવિકતા વિષે જાણો.

- દ્રશ્યો અથવા પાત્રોનાં ચિત્રો દોરો અથવા રંગપૂરો. *FUSE*ની વેબસાઇટ પર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટેની *Draw* લિંક પર ક્લીક કરો.



- શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દો શોધો.
- લેખકો અને વર્ણનકારો શું કરે તે વિષે વાતો કરો.
- પુસ્તક વિષેની મહત્ત્વની બાબતો પર ધ્યાન દોરો-મુખપૃષ્ટ, પુસ્તકની બાંધણી, અનુક્રમણીકા પૃષ્ટ, મથાળું વગેરે.

## વાંચન અને લખાણ એકબીજાની સાથો સાથ રહે છે

લખતાં શીખવાની શરૂઆત, દોરતાં અને ચિતરડાંથી જ થાય છે. આ પહેલું પગલું મહત્ત્વનું છે અને તેને પ્રોત્સાહન આપવું જોઇએ. તમારા બાળકને તેનું લખાણ મોટેથી વાંચવામાં મદદ કરો.તેમનું લખાણ સંગ્રહવા અને પ્રદર્શન માટે કોઇ જગ્યા બનાવો.

તમારા બાળકના અનુભવોનો ઉપયોગ બોલવા, લખવા અને વાંચના સંક્લન માટે કરો.
આ પગલાં અનુસરો:



- તમારા બાળકને તેનો અનુભવ વર્ણવવા અથવા જેમાં તેમને રસ હોય તે વિષે વાત કરવા કહો.
- તમારા બાળકને પૂછો કે વાતચીતનો કયો ભાગ એ તમને લખાવવા માંગે છે.
- જેમ તમારું બાળક બોલતું જાય તેમ તેમ તેના વિચારો લખતા જાઓ. બાળકની ભાષાનો જ ઉપયોગ કરો.
- તમારા બાળકને લખાણ પાછું વાંચી જવા કહો.
- તમારું બાળક કદાચ લખાણને અનુરૂપ ચિત્ર દોરવા અથવા બીજું કંઇ બનાવવા ઇચ્છે.

## ઘરમાં લખવાની માટે રોજીંદી તકો:

વાંચનની જેમ જ લેખન પણ ઘરમાં રોજીંદી પ્રવૃત્તિ બની શકે. તમારા બાળકને તમને લખતાં જોવાદો.

આમાંથી કેટલાક લેખનના સૂચનનો ઘરમાં અજમાવી જુઓ:

- ખરીદી માટેની યાદી તૈયાર કરો અથવા યાદીમાં વસ્તુઓનો ઉમેરો કરો અને વસ્તુઓ ખરીદો અથવા ખોલતાં જાવ અને યાદીમાં નિશાની કરતાં જાવ.



- પારિવારીક સંદેશાઓ લખવા અને વાંચવા એક પાટિયું રાખો.
- ભેગા મળીને અઠવાડિક ભોજનપત્રક બનાવો અને લખો.
- પારિવારીક છબીઓની પોથીની છબીઓ માટે મથાળું લખો.
- તમારા બાળકની કલા કામ અને બનાવટો માટે મથાળાં લખો.
- શુભેચ્છા પત્રકો, જન્મદિવસ શુભેચ્છાપત્રકો અને આભાર દર્શક નોંધો બનાવો અને લખો.
- પારિવારીક કૅલેન્ડર પ્રદર્શનમાં રાખો અને પારિવારીક કાર્ય ક્રમોની નોંધ કરો. આવનાર કાર્યક્રમની તમારા બાળક જોડે વાત કરો, ઉદાહરણ, કયાં, કયારે અને ત્યાં કોણ કોણ હશે.

## પ્રિમિયરસ રીડીંગ ચેલેન્જ

વિક્ટોરીયાના વિદ્યાર્થીઓ માટે પ્રિમિયરસ રીડીંગ ચેલેન્જ વાંચન સુધારવાનો ઉત્તમ રસ્તો છે. લક્ષ્ય સાધવા માટે વિદ્યાર્થીઓને ૩૦ પુસ્તકો વાંચવા અથવા અનુભવ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. જો તમારું બાળક હજી વાંચન શિખતું હોય તો તમે તેને પુસ્તકો"અનુભવવાં"માં, તેને પુસ્તકો વાંચી સંભળાવીને અથવા વાંચવામાં મદદ કરીને અને વાર્તા, શબ્દો અને ચિત્રો વિષે વાતો કરીને મદદ કરી શકો છો. પ્રિમિયરસ રીડીંગ ચેલેન્જ માટે
**http://www.education.vic.gov.au/prc/default.htm**